# સુરત મહાનગરપાલિકા

**કાર્યપાલક ઈજનેર**
નવો પૂર્વ ઝોન(સરથાણા)
સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં,
શ્યામધામ મંદિર ચાર રસ્તા પાછળ,
સરથાણા, સુરત.

ફોન : (ઓફીસ) +૯૧ ૬૩૫૯૯૦૯૬૦૬
+૯૧ ૬૩૫૯૯૦૯૫૦૬

ઈ–મેઈલ:
exen.ez.north@suratmunicipal.org

---

ઈઝેડ/નં.બી/એચ/૯૯૫
તા. ૧૦/૦૬/૨૦૨૪

પ્રતિ,

**વિષય :–** નવો પૂર્વ ઝોન(સરથાણા)માં નવા સમાવિષ્ટ વાલક ગામ ખાતે આવેલ વાલક પ્રાથમિક શાળામાં આવેલ મધ્યાહન ભોજન બિલ્ડીંગ તથા ટોઈલેટ બ્લોકને ઉતારી પાડી માલસામાન લઈ જઈ જમીન સમતલ કરી આપવાના કામ બાબત.(બીજો પ્રયાસ)

**મહાશય,**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે નવો પૂર્વ ઝોન(સરથાણા)માં નવા સમાવિષ્ટ વાલક ગામ ખાતે આવેલ વાલક પ્રાથમિક શાળામાં આવેલ મધ્યાહન ભોજન બિલ્ડીંગ તથા ટોઈલેટ બ્લોકને તોડી પાડી તેમાંથી નિકળનાર માલસામાન લઈ જઈ સદર મિલ્કતવાળી જમીન રસ્તા લેવલે કરી તથા ફુટીંગ ફાઉન્ડેશન દુર કરી જમીન સમતલ કરી આપવાના કામે આ સાથે સામેલ ભાવપત્રકમાં જણાવેલ ભાવો અને શરતોને આધિન બંધ કવરમાં જી.એસ.ટી સહિતની ઓફર માંગવામાં આવે છે. જે ઓફરની રકમ આ સાથે સામેલ ભાવપત્રકમાં ભરી બાનાની રકમ રૂ.૫૦૦૦/– કમિશ્નરશ્રી,સુરત મહાનગરપાલિકાના નામના સુરત ખાતેની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર સહિત **તા.૨૧/૦૬/૨૦૨૪** સુધીમાં બંધ કવરમાં નીચે સહી કરનારને રૂબરૂ પહોંચતા કરવા પ્રબંધ કરશો.

-SD-
કાર્યપાલક ઈજનેર
નવો પૂર્વ(સરથાણા)ઝોન
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા
# નવો પૂર્વ(સરથાણા)ઝોન

**કામનું નામ :– નવો પૂર્વ ઝોન(સરથાણા)માં નવા સમાવિષ્ટ વાલક ગામ ખાતે આવેલ વાલક પ્રાથમિક શાળામાં આવેલ મધ્યાહન ભોજન બિલ્ડીંગ તથા ટોઈલેટ બ્લોકને ઉતારી પાડી માલસામાન લઈ જઈ જમીન સમતલ કરી આપવાના કામ બાબત.(બીજો પ્રયાસ)**

**શરતો :–**

| | |
|---|---|
| ૧ . | હયાત ઈમારત જયાં જે હાલમાં છે તે હાલતમાં ત્યાંથી ફાઉન્ડેશન/ફુટીંગ ગ્રીલ સહિત તોડી પાડી જગ્યા હયાત રસ્તા લેવલે સમતલ કરી માલસામન લઈ જવાની શરતે આપવામાં આવે છે. |
| ૨ . | સમય મર્યાદા બાદ આવેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી. |
| ૩. | કોઈપણ ભાવપત્રક સ્વીકારવાનું અને કોઈપણ અથવા બધા ટેન્ડરો રદ કરવાનો અધિકાર સુરત મહાનગર પાલિકાને અબાધિત રહેશે. |
| ૪. | ઈજારદારને ભાવપત્રક સાથે જરૂરી એવી બાનાની રકમ રૂા. ૫૦૦૦/– ભાવપત્રક સાથે કમિશ્નરશ્રીના નામના સુરત ખાતેની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર થી અચુક જમા કરાવવાનો રહેશે. |
| ૫. | અન્ય રીતે ભરવામાં આવેલ બાનાની રકમ સાથેના અને બાનાની રકમ ભર્યા સિવાયના ભાવપત્રક રદ થવાને પાત્ર રહેશે. |
| ૬. | જે ઈજારદારનું ભાવપત્રક સ્વીકારવામાં આવશે તેને ભરવાપાત્ર બાનાની રકમ ઉપર જણાવેલ માલસામાનની રકમ પેટે મજરે આપવામા આવશે. |
| ૭. | ઈજારદારએ તોડવા માટેના ઈમારતનું રૂબરૂ નિરીક્ષણ કરી કાટમાલમાં આવતી જુદીજુદી આઈટમોનો જથ્થો ગુણવતા તથા અન્ય બીજી બાબતોની જાણ અનુભવ કર્યા પછી ભાવપત્રક ભરવાનું રહેશે. આ અંગે પાછળથી કોઈપણ જાતની કાર્યવાહી કે તકરારને ધ્યાનમાં લેવામાં આવશે નહિં. |
| ૮. | ઈજારદારનું ભાવપત્રક સ્વીકારવાનો પત્ર મળ્યેથી ઈજારદારે ભાવપત્રકમાં જણાવેલ ઓફરના નાણાં અત્રેની સુચના મુજબ સુરત મહાનગરપાલિકાના હિસાબખાતામાં જમા કરાવવાની રહેશે. અને તે અંગેની નાણાં ભર્યાની રસીદ રજુ કર્યા બાદ હયાત ઈમારત તોડફોડ કરવાનો(ઉતારવાનો) હુકમ આપવામાં આવશે. |
| ૯. | ભાવપત્રકમાં જણાવેલ પુરે પુરી કિંમત વર્કઓર્ડર મળ્યેથી દિન–૦૭(સાત) માં જમા ન કરાવવામાં આવશે તો ઈજારદારનું ભાવપત્રક આપોઆપ રદબાતલ ગણી લેવામાં આવશે અને ભરેલ બાનાની રકમ જપ્ત કરી લેવામાં આવશે. |
| ૧૦. | હયાત ઈમારત તોડતા આજુબાજુના વિસ્તારમાં રહેતા માણસોને,મિલ્કતોને કે અન્ય બીજી વસ્તુઓને નુકશાન કે હેરાનગતી ન થાય તેની ઈજારદારે તકેદારી રાખવાની રહેશે. તેમ છતાં જો કોઈ મુશકેલી,નુકશાન કે નડતરરૂપ વિગેરે થાય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે. આ અંગે કોઈપણ જાતની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહિં. |
| ૧૧. | હયાત ઈમારતને તોડી તેને જમીનદોસ્ત કરી જગ્યા સાફસફાઈ,ચોખ્ખી કરી હયાત રસ્તા લેવલે સમતલ કરી આપવાની રહેશે. |
| ૧૨. | જરૂરી એવા જકાતવેરા,વેચાણવેરા તથા અન્ય કોઈપણ પ્રકારના રાજય/કેન્દ્રીય સરકારના તથા સુરત મહાનગરપાલિકાના વેરાઓ ભરવાની જવાબદારી ઈજારદારની પોતાની રહેશે. તે માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર નથી. |
| ૧૩. | હયાત ઈમારતને તોડતા કે ઉતારતા માણસોને કોઈપણ જાતની શારિરીક ઈજાઓ કે જાનહાનિ કે અન્ય કોઈ બીજુ નુકશાન થાય તેની સંપુર્ણ તકેદારી ઈજારદારે રાખવાની રહેશે તેમ છતા જો આ અંગે કોઈ પણ બનાવ બને તો તેની તમામ જવાબદારી ઈજારદારની રહેશે અને તે અંગેનો સંપૂર્ણ ખર્ચ /વળતર ઈજારદારે ચુકવવાનું રહેશે. |
| ૧૪. | હયાત ઈમારતને તોડતા પહેલા સંપૂર્ણ સાઈટનું સ્થળ નિરીક્ષણ કરી સુરક્ષા પ્રસાધનો, એરીયા બેરીકેડીંગ વિગેરે પુરા પાડવાની જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૧૫. | ઈજારદારે આ ઈમારત તોડવાની કામગીરી વર્કઓર્ડર મળ્યેથી **દિન–૧૫(પંદર)** માં કામ પુરી કરવાની રહેશે. જો તેમ કરવામાં ઈજારદાર કસુર કરશે તો તેની ઉપર મંજુર ઓફર રકમના ૧% પ્રતિદિન લેખે ચાર્જ લઈ ઈજારદારના ખર્ચે અને જોખમે આ કામ કરાવી લેવામાં આવશે. |

| | |
|---|---|
| ૧૬. | હયાત ઈમારત તોડવા અંગેની સાઈટ ઉપર તમામ જરૂરી એવી કે અન્ય કોઈ સુવિધાઓ કે જરૂરીયાત ઈજારદારે પોતે કરવાની રહેશે. |
| ૧૭. | ભાવપત્રકમાં ભાવ/રકમ આંકડામાં તથા શબ્દમાં ભરવાની રહેશે. તેમજ જયાં જયાં છેકછાક કરી હોય ત્યાં ઈજારદારે ટુંકી સહી કરવાની રહેશે. |
| ૧૮. | ઈજારદાર આ ભાવપત્રકની શરતમાં કોઈ ફેરફાર કરશે અથવા પોતાના લેટરપેડ પર કોઈપણ વધારાની શરતો રજુ કરશે તો તે મહાનગરપાલિકા ધ્યાનમાં લેશે નહિં કે તેમ કરવા મહાનગરપાલિકાને ફરજ પાડી શકાશે નહિ. આવી શરતો મહાનગરપાલિકાને કોઈપણ સંજોગોમાં બંધનકર્તા રહેશે નહિં. |
| ૧૯. | ઈજારદારે કોઈપણ પત્રકો, શરતોના કાગળો કાઢી લેવાના નથી જો તેમ કરવામાં આવશે તો તેને ઈરાદાપૂર્વક ગેરરિતી ગણી તેમની સામે મહાનગરપાલિકા કાયદેસરની કાર્યવાહી કરશે તથા અનામતની રકમ જપ્ત કરશે. |
| ૨૦. | ભાવપત્રકમાં ભરેલા ભાવપત્રક /રકમ સ્વીકારવા માટે ભાવપત્રક ખુલ્યાની તારીખથી ૧૨૦(એકસોવીસ) દિવસ સુધી વેલીડીટી ગણાશે. ઉપરોકત જણાવેલ ૧૨૦ દિવસની સમયમર્યાદા સુધીમાં ટેન્ડરર/ભાવપત્રક ભરનાર ઈજારદાર પોતાના ભાવપત્રકમાં કોઈપણ જાતનો સુધારો વધારો કરી શકશે નહી. |
| ૨૧. | ભરવામાં આવેલ બાનાની/સીકયોરીટી અનામત પર કોઈપણ સંજોગોમાં વ્યાજ આપવામાં આવશે નહિં. |
| ૨૨. | ઈજારદારે મિલકત સંપૂર્ણ ઉતારી, જમીનદોસ્ત કરી સાફસફાઈ ચોખ્ખી કરી,જમીનના હયાત રસ્તાના લેવલે સમતલ કરે ત્યારબાદ જ મિલકતમાંથી ઉતારેલ માલસામાન લઈ જવા દેવામાં આવશે. |
| ૨૩. | ભાવપત્રક મંજુર થયેથી વર્કઓર્ડરની તારીખથી દિન –૧૦(દસ)માં મંજુર ભાવપત્રક/ ટેન્ડર રકમના ૨% પ્રમાણે સીકયોરીટી ડીપોઝીટ ફકત રોકડા જમા કરાવવાના રહેશે. |
| ૨૪. | જો આ કામ બાબતે તકરાર ઉભી થાય તો તેવા સંજોગોમાં મેટર સુરત સીવીલ કોર્ટમાં પડકારી શકાશે. |
| ૨૫. | મિલ્કત ઉતારવા માટે ઉપર જણાવ્યા મુજબની શરતો અર્થઘટન બાબતના કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય નિર્ણાયાત્મક તેમજ બંધનકર્તા રહેશે. |
| ૨૬. | મે.કમિશ્નરશ્રીની નોંધ નં. સી.એન./પર, તા.૦૧/૦૬/૨૦૧૬ અનુસાર ડીમોલીશન દરમ્યાન ઈજારદાર/કોન્ટ્રાકટરે યોગ્ય રીતે સી.એન્ડ ડી. વેસ્ટનો નિકાલ કરવાનો રહેશે તેમજ સદર કામગીરી દરમ્યાન બનતા કન્સ્ટ્રકશન અને ડીમોલેશન વેસ્ટ(સી. એન્ડ ડી. વેસ્ટ) ના નિકાલ કરવા બાબતે બાંહેધરી પત્રક આપવાનું રહેશે. |

-SD-
કાર્યપાલક ઈજનેર
નવો પૂર્વ(સરથાણા)ઝોન
સુરત મહાનગરપાલિકા.

ઉપરોકત તમામ શરતો મે વાંચી, સમજી,વિચારીને જાણમાં લીધી છે તે અને તે સર્વે શરતો મને બંધનકર્તા રહેશે.

ઉપરોકત જણાવેલ તમામ શરતોનું પાલન કરી સદર હયાત ઈમારત ઉતારી પાડી જમીનદોસ્ત કરી ફુંટીગ સહિત બધો કાટમાલ છારા સહિત લઈ જવાની અને જમીન હયાત રસ્તા લેવલે સમતલ કરી આપવાની શરતે ભાવપત્રકની તમામ શરતોને આધિન રહીને રૂા.................................પૈ. (જી.એસ.ટી. સહિત) અંકે રૂા.............................................................. સુરત મહાનગરપાલિકાને આપી કામ કરવા તૈયાર છું.

ઈજારદારની સહી/સિકકો :–